# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

## નવમું સત્ર

## તારાંકિત પ્રશ્નોત્તરી
## ગુરૂવાર, ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬

----

જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ [ઉદ્યોગ - આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ - વાહન વ્યવહાર - કાયદો અને ન્યાયતંત્ર - મીઠા ઉદ્યોગ - નાગરિક ઉડ્ડયન - આદિજાતિ વિકાસ - છાપકામ અને લેખનસામગ્રી - નાગરિક સંરક્ષણ - ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ - જેલ - નશાબંધી અને આબકારી - સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન - લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ - પ્રવાસન અને યાત્રાધામ વિકાસ - ગૃહ - પોલીસ હાઉસીંગ - રમતગમત, યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ - સરહદી સુરક્ષા - ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ ].

કુલ પ્રશ્નો 122

----

### વડોદરા જિલ્લામાં MSME એકમોની કલેઈમ અરજીઓ

15/9/560 *1 શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા વાઘેલા (વાઘોડીયા):

લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ :-

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આત્મનિર્ભર ગુજરાત યોજના- ૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં MSME એકમોની કેટલી કલેઈમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પેટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલી વ્યાજ સહાય ચૂકવવામાં આવી?

----

### બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરકારી લાયબ્રેરીઓ

15/9/336 *2 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):

**રમતગમત, યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :-**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી લાયબ્રેરીઓ કાર્યરત છે અને,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જે તાલુકામાં સરકારી લાયબ્રેરી કાર્યરત નથી તે તાલુકામાં નવી લાયબ્રેરી બનાવવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરાયેલ છે?

----

## વડોદરા અને સુરત જિલ્લામાં રક્તપિત્તના કેસ

15/9/505 *3 **શ્રી કેતનભાઇ મહેન્દ્રભાઇ ઇનામદાર (સાવલી):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા અને સુરત જિલ્લામાં રક્તપિત્તના કેટલા કેસો નોંધાયા?

----

## કચ્છ જિલ્લાના લખપત ફોર્ટ ખાતે રાત્રી રોકાણની સુવિધા

15/9/612 *4 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**પ્રવાસન અને યાત્રાધામ વિકાસ :-**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના લખપત ફોર્ટ ખાતે રાત્રી રોકાણની સુવિધા માટે કોઈ કામગીરી હાથ ધરવામાં આવી છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગત શી છે, અને

(૩) ઉક્ત કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

----

## રણ ઉત્સવમાં ભાગ લીધેલ પ્રવાસીઓ

15/9/600 *5 **શ્રી કેશુભાઇ શીવદાસ પટેલ (ભૂજ):**

**પ્રવાસન અને યાત્રાધામ વિકાસ :-**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રણ ઉત્સવ દરમ્યાન કેટલા લોકોએ રણ ઉત્સવની મુલાકાત લીધેલ હતી,

(૨) વર્ષ ૨૦૨૫-૨૬ના રણ ઉત્સવમાં અને વર્ષ ૨૦૨૪-૨૫ની સરખામણીએ અંદાજે કેટલા ટકા પ્રવાસીઓનો વધારો થયો, અને

(૩) રણ ઉત્સવ ૨૦૨૫-૨૬ દરમિયાન ફૂડ સ્ટોલ અને ક્રાફ્ટ સ્ટોલ થકી સ્ટોલધારકોને કેટલી આવક થઈ?

----

## આદિજાતિના ખોટા પ્રમાણપત્રો રદ કરવા બાબત

15/9/823 *6 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ જસ્ટીસ કારીયા કમિટીનો સ્વીકાર કર્યા બાદ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આદિજાતિના કેટલા ખોટા પ્રમાણપત્રો રદ કરવામાં આવ્યા?

----

## જૂનાગઢ અને અમરેલી જિલ્લામાં VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા

15/9/911 *7 **શ્રી સંજય સુખાભાઈ કોરડીયા (જૂનાગઢ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત જૂનાગઢ અને અમરેલી જિલ્લા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓ ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## રાજ્ય તેમજ સુરત જિલ્લામાં ચક્ષુદાન

15/9/508 *8 **શ્રી વિનોદભાઇ અમરશીભાઇ મોરડીયા (કતારગામ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કુલ કેટલા ચક્ષુદાન મેળવવામાં આવ્યા, અને

(૨) તે પૈકી સુરત જિલ્લા ખાતે કેટલા ચક્ષુદાન મેળવવામાં આવ્યા?

----

**બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લામાંથી ખોરાકના નમુનાઓની ચકાસણી**

15/9/770 *9 **શ્રી અનિકેત ગિરીશભાઇ ઠાકર (પાલનપુર):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લાઓમાંથી સને ૨૦૨૫-૨૬ના વર્ષ દરમિયાન ખોરાકના કેટલા નમુનાઓની ચકાસણી કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા નમુનાઓ પ્રમાણસર ધોરણના માલુમ પડયા,

(૩) તે પૈકી કેટલા નમુનાઓ અનસેફ માલુમ પડયા,

(૪) તે પૈકી કેટલા નમુનાઓ સબસ્ટાન્ડર્ડ માલુમ પડયા,અને

(૫) તે પૈકી કેટલા નમુનાઓ મીસબ્રાન્ડેડ માલુમ પડયા?

----

**અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં ખાદ્ય પદાર્થોના નમુના**

15/9/1225 *10 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં ખાદ્ય પદાર્થોના કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા નમૂનાઓ પ્રમાણિત થયા અને કેટલા અપ્રમાણિત થયા, અને

(૩) અપ્રમાણિત થયેલ નમૂનાઓના કિસ્સામાં જવાબદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી?

----

## અમદાવાદ અને સુરત શહેરમાં ગુનેગારોને પકડવા બાબત

15/9/792 *11 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ અમદાવાદ શહેર - સુરત શહેરમાં છેલ્લા એક વર્ષમાં ચોરી, લુંટ, બળાત્કાર, હત્યા, છેડતી, અપહરણ, ખંડણી, દારૂ - જુગાર, સાયબર ફ્રોડની કેટલી ફરિયાદો નોંધાઈ,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગુનેગારોને પકડવામાં આવ્યા અને કેટલાને પકડવાના બાકી છે, અને

(૩) બાકી ગુનેગારોને પકડવા શું કાર્યવાહી કરવામાં આવી?

----

## પંચમહાલ અને દાહોદ જિલ્લામાં સીકલસેલ એનિમિયા રોગના કેસ અને થયેલ મૃત્યુ

15/9/1205 *12 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર સીકલસેલ એનિમિયાના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ઉંમર વર્ષ ૦-૨, ૨-૧૦, ૧૦-૧૮, ૧૮-૨૫, ૨૫-૪૦, ૪૦થી વધુ અને ઉંમર ઉપલબ્ધ ન હોય તેવા વયજુથવાર કેટલા કેસો નોંધાયા,

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ઉક્ત વયજુથવાર કેટલા દર્દીઓના મોત નોંધાયા, અને

(૪) કેટલા દર્દીઓ સાજા થયા?

----

## સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લા ખાતે VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા

15/9/920 *13 **શ્રી ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર (પ્રાંતિજ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓ ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## રાજ્યમાં નિ:સહાય કલાકારોને આર્થિક સહાય યોજના

15/9/428 *14 **શ્રી કૌશિકભાઇ સુખલાલ જૈન (દરીયાપુર):**

**રમતગમત, યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :-**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ રાજ્યમાં નિ:સહાય કલાકારોને આર્થિક સહાય આપવાની યોજના ક્યારથી અમલમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા નિ:સહાય કલાકારોને આર્થિક સહાય ચૂકવવામાં આવેલ છે, અને

(૩) નિ:સહાય કલાકારોને આર્થિક સહાય આપવાની યોજનામાં છેલ્લા બે વર્ષમાં બજેટ જોગવાઈ કેટલી છે?

----

## ખેડા જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મંજૂરી

15/9/530 *15 **શ્રી કલ્પેશભાઇ આશાભાઇ પરમાર (માતર):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવીન મકાન બાંધકામ મંજૂર કરવામાં આવ્યા?

----

## રાજકોટ (ગ્રામ્ય) અને સુરેન્દ્રનગર જિલ્લામાં VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા

15/9/927 *16 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):**

**ગૃહ :-**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત રાજકોટ (ગ્રામ્ય) અને સુરેન્દ્રનગર જિલ્લા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓ ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## જેતપુરપાવી તાલુકામાં તાલુકાકક્ષાનું દવાખાનું

15/9/63 *17 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લાના જેતપુરપાવી તાલુકામાં તાલુકાકક્ષાનું દવાખાનું બનાવવા માટેની મંજૂરી ક્યારે આપવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત કામગીરી કયા તબક્કે છે ?

----

## મહેસાણા જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મંજૂરી

15/9/533 *18 **ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવીન મકાન બાંધકામ મંજૂર કરવામાં આવ્યા?

----

## તાપી જિલ્લામાં આત્મનિર્ભર યોજના અંતર્ગત મોટા ઉદ્યોગોની અરજીઓ

15/9/942 *19 **શ્રી પ્રવિણભાઇ મનજીભાઇ ઘોઘારી (કરંજ):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં આત્મનિર્ભર યોજના અંતર્ગત મોટા કદના કેટલા ઉદ્યોગોની અરજી મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) આ એકમો થકી કેટલું મૂડીરોકાણ ઉભુ થનાર છે?

----

## ન્યુ ગુજરાત પેટર્ન યોજના બાબત

15/9/817 *20 **શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ (ધરમપુર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા વિકાસલક્ષી કામોને મંજૂરી આપવામાં આવી ,

(૩) મંજૂર થયેલા કામોમાંથી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા છે, કેટલા કામો પ્રગતિ હેઠળ છે તથા કેટલા કામો બાકી છે, અને

(૪) બાકી રહેલા કામો કયા કારણોસર પડતર છે તથા તે કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે?

----

## ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS) સ્થાપવા બાબત

15/9/595 *21 **શ્રી માવજીભાઇ મગનભાઇ દેસાઇ (ધાનેરા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ધાનેરા અને દાંતીવાડા તાલુકામાં આદિજાતિ વિદ્યાર્થીઓ માટે એકપણ એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલ (EMRS) આવેલ નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,
(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત સ્કૂલ સ્થાપવા માટે સરકારે શી કાર્યવાહી કરેલ છે, અને
(૩) ઉક્ત સ્કૂલ ક્યાં સુધીમાં સ્થાપવામાં આવશે ?

----

## મહિસાગર જિલ્લામાં બાલાસિનોર ખાતે કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નકશા-અંદાજોને વહીવટી મંજૂરી

15/9/436 *22 **શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર):**

**કાયદો અને ન્યાયતંત્ર :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કાયદો અને ન્યાયતંત્ર) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) વર્ષ ૨૦૨૬-૨૭માં બાલાસિનોર, જિ. મહિસાગર ખાતે કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટેના નકશા-અંદાજોને વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે?

----

## આત્મનિર્ભર ગુજરાત યોજના - મેગા એકમોને સહાય યોજના

15/9/579 *23 **શ્રી કિશોરભાઈ શિવાભાઈ કાનાણી (કુમાર) (વરાછા રોડ):**

**ઉદ્યોગ :-**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ આત્મનિર્ભર ગુજરાત યોજના - મેગા એકમોને સહાય યોજના અંતર્ગત તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઉદ્યોગોની રજીસ્ટ્રેશન માટેની અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) આ એકમો થકી કેટલું મૂડીરોકાણ ઉભુ થનાર છે?

----

## સુરેન્દ્રનગર જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મંજૂરી

15/9/529 *24 **શ્રી પ્રકાશભાઇ પરસોતમભાઇ વરમોરા (ધ્રાંગધ્રા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવીન મકાન બાંધકામ મંજૂર કરવામાં આવ્યા?

----

## અરવલ્લી અને દાહોદ જિલ્લામાં સિકલસેલ રોગ

15/9/521 *25 **શ્રી કનૈયાલાલ બચુભાઇ કિશોરી (દાહોદ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નેશનલ સિકલસેલ એનિમિયા મિશન અંતર્ગત અરવલ્લી અને દાહોદ જિલ્લામાં સિકલસેલ રોગના દર્દીઓની સંખ્યા કેટલી નોંધાઈ અને કેટલા દર્દીઓને હાઈડ્રોક્સી યુરિયાની સારવાર આપવામાં આવેલ છે?

----

## વલસાડ અને ડાંગ જિલ્લામાં સિકલસેલ રોગ

15/9/522 *26 **શ્રી સંદીપ દેસાઈ (ચોર્યાસી):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નેશનલ સિકલસેલ એનિમિયા મિશન અંતર્ગત વલસાડ અને ડાંગ જિલ્લામાં સિકલસેલ રોગ માટે સ્ક્રિનિંગ કરવામાં આવેલી વ્યક્તિઓની સંખ્યા અને સિકલસેલ રોગના દર્દીઓની સંખ્યા કેટલી છે, અને

(૨) રાજ્ય સરકાર દ્વારા આ રોગને અટકાવવા માટે શાં પગલા લેવામાં આવ્યા?

----

## કચ્છ જિલ્લામાં " તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ

15/9/995 *27 **શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ):**

**ગૃહ :-**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૦/૦૬/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા તેરા તુજકો અર્પણ કાર્યક્રમોનું આયોજન થયેલ છે, અને

(૨) જો હા, તે અંતર્ગત કેટલી રકમનો મુદ્દામાલ નાગરિકોને પરત કરવામાં આવેલ છે?

----

## પંચમહાલ અને દાહોદ જિલ્લામાં સરકારી તાલુકા ગ્રંથાલયો

15/9/416 *28 **શ્રીમતી નિમિષાબેન મનહરસિંહ સુથાર (મોરવા હડફ):**

**રમતગમત, યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :-**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ તથા દાહોદ જિલ્લામાં કોઈ સરકારી તાલુકા ગ્રંથાલય શરૂ કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## વડોદરા (ગ્રામ્ય) અને પંચમહાલ જિલ્લામાં VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા

15/9/909 *29 **શ્રી જયદ્રથસિંહજી પરમાર (હાલોલ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત વડોદરા (ગ્રામ્ય) અને પંચમહાલ જિલ્લા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓ ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## બનાસકાંઠા અને સાંબરકાઠા જિલ્લામાં લોકલ ક્રાઇમ બ્રાંચ/સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા દરોડા

15/9/789 *30 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર લોકલ ક્રાઈમ બ્રાંચ/સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા કેટલી વાર દરોડા પાડી દેશી દારુ, વિદેશી દારુ, બીયરનો જથ્થો પકડવામાં આવ્યો,

(૨) ઉક્ત પ્રકારના બનાવોમાં સ્થાનિક પોલીસ અધિકારી/કર્મચારીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવાની જોગવાઈ છે કે કેમ,

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જવાબદાર કેટલા કર્મચારી/અધિકારી સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) તે પૈકી કેટલા એસ.પી. અને કેટલા ડી.વાય.એસ.પી વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી?

----

## જામનગર અને મોરબી જિલ્લામાં VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા

15/9/917 *31 **શ્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ (જામનગર (ગ્રામ્ય)):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત જામનગર અને મોરબી જિલ્લા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓ ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## મધ્ય ગુજરાતની વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ- ૨૦૨૬ અંતર્ગત ઔદ્યોગિક વસાહત

15/9/554 *32 **શ્રી યોગેશ આર. પટેલ (આણંદ):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) મધ્ય ગુજરાતની વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ (VGRC) 2026માં કેટલી અને કઈ ઔદ્યોગિક વસાહત સ્થાપવાની જાહેરાત કરવામાં આવી, અને

(૨) ઉક્ત વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ- ૨૦૨૬માં જાહેરાત કરેલ નવી ઔદ્યોગિક વસાહતોની જમીનોના કબજા મેળવવામાં આવેલ છે કે કેમ?

----

## આદિજાતિ વિકાસ પ્રાયોજના કચેરી, શામળાજીને ગ્રાન્ટ ફાળવણી અંગે

15/9/221 *33 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં આદિજાતિ વિકાસ પ્રાયોજના કચેરી, શામળાજીને વિવિધ યોજનાઓ હેઠળ કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત ફાળવેલ ગ્રાન્ટ પૈકી કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી, અને

(૩) કેટલી ગ્રાન્ટ વણવપરાયેલ છે?

----

## ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટના ડાયરેક્ટર વિરુધ્ધ ફરિયાદ

15/9/1213 *34 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ, અમદાવાદના ડાયરેક્ટર વિરુધ્ધ કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરિયાદો અન્વયે કોઈ તપાસ કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો ઉક્ત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## વડોદરાની પ્રયોગશાળા દ્વારા ઔષધના નમુનાઓની ચકાસણી

15/9/753 *35 **શ્રી શૈલેષભાઇ કનૈયાલાલ મહેતા (ડભોઇ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ વડોદરા પ્રયોગશાળા દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ઔષધના કેટલા નમુનાઓની ચકાસણી કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલા નમુનાઓ પ્રમાણસર ધોરણના માલુમ પડયા,

(૩) તે પૈકી કેટલા નમુનાઓ અપ્રમાણસર ધોરણના માલુમ પડયા, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત અપ્રમાણસર દવાના કિસ્સામાં શાં પગલાં લેવામાં આવ્યા?

----

## આત્મનિર્ભર ગુજરાત યોજના - મેગા એકમોને સહાય યોજના

15/9/937 *36 **શ્રી ઉદય કાનગડ (રાજકોટ પૂર્વ):**

**ઉદ્યોગ :-**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ આત્મનિર્ભર ગુજરાત યોજના - મેગા એકમોને સહાય યોજના અંતર્ગત તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઉદ્યોગોની રજીસ્ટ્રેશન માટેની અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) આ એકમો થકી કેટલું મૂડીરોકાણ ઉભુ થનાર છે?

----

## નર્મદા જિલ્લામાં વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના

15/9/950 *37 **ડૉ. દર્શના ચંદુભાઇ દેશમુખ (વસાવા) (નાંદોદ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/03/૨૦૨૬ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં અનુસુચિત જનજાતિના કુટુંબો માટે વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના કુટુંબોને શો લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં નર્મદા જિલ્લામાં આ યોજના અંતર્ગત વર્ષ મુજબ કેટલી સહાય આપવામાં આવેલ છે?

----

## પ્રાદેશીક/ સહાયક વાહનવ્યવહાર કચેરીઓ દ્વારા ડ્રાઈવરોને તાલીમ

15/9/1142 *38 **શ્રી અરવિંદ શાંતિલાલ રાણા (સુરત(પુર્વ)):**

**વાહન વ્યવહાર :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૦/૦૬/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત જિલ્લામાં ભયજનક માલસામાનનું વહન કરતા ડ્રાઈવરોને તાલીમ આપતી કુલ કેટલી સંસ્થાઓને મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત આર.ટી.ઓ દ્વારા ભયજનક માલસામાનનું વહન કરતા કેટલા ડ્રાઈવરોને લાયસન્સ ઇશ્યુ કરવામાં આવેલ છે?

----

## નવી બસો ખરીદવા એસ.ટી. નિગમને સહાય

15/9/1102 *39 **શ્રી અક્ષયકુમાર ઇશ્વરભાઇ પટેલ (કરજણ):**

વાહન વ્યવહાર :-

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ એસ.ટી. નિગમને નવી બસો ખરીદવા રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય આપવામાં આવી?

----

## માર્ગ સલામતીને લગતા જનજાગૃતિ કાર્યક્રમ

15/9/1114 *40 **શ્રી મુકેશકુમાર દ્વારકાદાસ પટેલ (મહેસાણા):**

વાહન વ્યવહાર :-

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે:-

માર્ગ સલામતી માસ - જાન્યુઆરી-૨૦૨૬માં માર્ગ સલામતી અંગે COT અને GRSA કચેરીઓ દ્વારા ક્યા વિશેષ જનજાગૃતિ કાર્યક્રમ કરવામાં આવેલ છે?

----

## દેવભૂમિ દ્વારકા અને ભાવનગર જિલ્લામાં VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા

15/9/919 *41 **શ્રી શિવાભાઇ જેરામભાઇ ગોહિલ (મહુવા):**

ગૃહ :-

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત દેવભૂમિ દ્વારકા અને ભાવનગર જિલ્લા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓ ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## સુરત શહેરમાં VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા

15/9/1005 *42 **શ્રીમતી સંગીતાબહેન રાજેન્દ્રભાઈ પાટીલ (લીંબાયત):**

ગૃહ :-

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત સુરત શહેર ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## ખેડા જિલ્લામાં મેલેરિયાના કેસ

15/9/516 *43 **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૦/૦૬/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં મેલેરિયાના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી મેલેરિયાથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) મેલેરિયા અટકાવવા માટે શા પગલાં ભરવામાં આવ્યા?

----

## નડાબેટ ખાતે પ્રવાસીઓને રાત્રીરોકાણની સુવિધા

15/9/606 *44 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**પ્રવાસન અને યાત્રાધામ વિકાસ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ગુજરાતના બોર્ડર ટુરીઝમના વિકાસ અંતર્ગત નડાબેટ ખાતે પ્રવાસીઓના રાત્રીરોકાણ માટે કોઈ સુવિધા વિકસાવવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યા પ્રકારની સુવિધાઓ આપવામાં આવે છે?

----

## પાટણ જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મંજૂરી

15/9/528 *45 **શ્રી લવીંગજી મુળજી સોલંકી (રાધનપુર):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા નવા

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવીન મકાન બાંધકામ મંજૂર કરવામાં આવ્યા?

----

## મહિસાગર જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવા બાબત

15/9/591 *46 **ડૉ. કુબેરભાઇ મનસુખભાઇ ડીંડોર (સંતરામપુર):**

**આદિજાતિ વિકાસ :-**
માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની કુંવરબાઈ મામેરું યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં મહિસાગર જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે?

----

## રાજકોટ શહેર ખાતે VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા

15/9/934 *47 **ડૉ. દર્શીતા શાહ (રાજકોટ પશ્ચિમ):**

**ગૃહ :-**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત રાજકોટ શહેર ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## વલસાડ જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મંજૂરી

15/9/525 *48 **શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ (વલસાડ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવીન મકાન બાંધકામ મંજૂર કરવામાં આવ્યા?

----

## ગાંધીનગર જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મંજૂરી

15/9/534 *49 **શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર (કલોલ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવીન મકાન બાંધકામ મંજૂર કરવામાં આવ્યા?

----

## દાહોદ જિલ્લામાં ડેન્ગ્યુના કેસ

15/9/514 *50 **શ્રી મહેન્દ્રભાઇ રમેશભાઇ ભાભોર (ગરબાડા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૦/૦૬/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ડેન્ગ્યુના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી ડેન્ગ્યુથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) ડેન્ગ્યુ અટકાવવા માટે શા પગલાં ભરવામાં આવ્યા?

----

## દાહોદ જિલ્લામાં બોર્ડર વિલેજ યોજના

15/9/583 *51 **શ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ):**

**આદિજાતિ વિકાસ :-**
માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં બોર્ડર વિલેજ યોજના હેઠળ વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે,

(૨) ઉક્ત યોજના હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી કયા કામો હાથ ધરવામાં આવ્યા છે તથા કેટલાં ગામોને આવરી લેવામાં આવ્યા છે, અને

(૩) ઉક્ત યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો તેમજ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## મોરબી જિલ્લામાં ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા વ્યાજ સહાય

15/9/571 *52 **શ્રી દુર્લભજીભાઇ હરખજીભાઇ દેથરીયા (ટંકારા):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે સહાય યોજના- ૨૦૧૯ હેઠળ મોરબી જિલ્લામાં કેટલી કલેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી સહાયની ચૂકવણી કરવામાં આવી?

----

## ભરૂચ અને નર્મદા જિલ્લામાં VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા

15/9/923 *53 **શ્રી સ્વામી દેવકિશોરદાસજી (ડી.કે.સ્વામી) (જંબુસર):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત ભરૂચ અને નર્મદા જિલ્લા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓ ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## મહેસાણા તથા બનાસકાંઠા જિલ્લામાં સરકારી તાલુકા ગ્રંથાલયો

15/9/417 *54 **શ્રી સરદારભાઇ શામળભાઇ ચૌધરી (ખેરાલુ):**

**રમતગમત, યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા તથા બનાસકાંઠા જિલ્લામાં કોઈ સરકારી તાલુકા ગ્રંથાલય શરૂ કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેના પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

----

## બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લામાં ક્લીનીકોની તપાસ

15/9/327 *55 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લામાં તાલુકાવાર એમ.બી.બી.એસ., બી.એચ.એમ.એસ.ની ડીગ્રી ધરાવતા ડૉક્ટરો પોતાની ડીગ્રી મુજબ ક્લીનીક ચલાવે છે કે કેમ તે અંગે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં કેટલી વખત ચકાસણી કરવામાં આવી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત ચકાસણીમાં કેટલા ક્લીનીકો નિયમ વિરુધ્ધ ચલાવતા મળ્યા?

----

## ચાંદીપુરા વાયરસથી મોત

15/9/272 *56 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ૨૦૨૬ના વર્ષમાં રાજ્યના કયા જિલ્લામાં ચાંદીપુરાથી મોત થવાના કેટલા કિસ્સા બન્યા, અને

(૨) ઉક્ત વાયરસને અટકાવવા સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા?

----

## અમદાવાદ જિલ્લામાં ધંધુકા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટેના નકશા-અંદાજોને વહીવટી મંજૂરી

15/9/536 *57 **શ્રી કાળુભાઇ રૂપાભાઇ ડાભી (ધંધુકા):**

**કાયદો અને ન્યાયતંત્ર :-**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કાયદો અને ન્યાયતંત્ર) જણાવવા કૃપા કરશે કે:-

(૧) વર્ષ ૨૦૨૬-૨૭માં ધંધુકા, જિ. અમદાવાદ (રૂરલ) ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટેના નકશા-અંદાજોને વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે?

----

## રાજકોટ જિલ્લામાં ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા વ્યાજ સહાય

15/9/574 *58 **શ્રી જયેશભાઇ વિઠ્ઠલભાઇ રાદડીયા (જેતપુર):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે વ્યાજ સહાય યોજના - ૨૦૧૯ હેઠળ રાજકોટ જિલ્લામાં કેટલી કલેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી સહાયની ચૂકવણી કરવામાં આવી?

----

## ગીરસોમનાથ જિલ્લામાં નવી જિલ્લા જેલ બાબત

15/9/568 *59 **શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા):**

**જેલ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (જેલ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ગીરસોમનાથ જિલ્લામાં નવી 'જિલ્લા જેલ' બનાવવાનું કામ હાલ ક્યા તબક્કે છે, અને

(૨) આ જેલ ક્યાં સુધીમાં કાર્યરત થશે.?

----

## દાહોદ જિલ્લામાં "તેરા તુજકો અર્પણ "કાર્યક્રમ

15/9/998 *60 **શ્રી શૈલેષભાઇ સુમનભાઇ ભાભોર (લીમખેડા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા તેરા તુજકો અર્પણ કાર્યક્રમોનું આયોજન થયેલ છે, અને

(૨) જો હા, તે અંતર્ગત કેટલી રકમનો મુદ્દામાલ નાગરિકોને પરત કરવામાં આવેલ છે?

----

## નવસારી જિલ્લામાં વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના

15/9/594 *61 **શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ નવસારી જિલ્લામાં અનુસુચિત જનજાતિના કુટુંબો માટે વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના કુટુંબોને શો લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં નવસારી જિલ્લામાં આ યોજના અંતર્ગત વર્ષ મુજબ કેટલી સહાય આપવામાં આવેલ છે?

----

## એન.ડી.પી.એસ.એક્ટ, ૧૯૮૫ હેઠળ કાર્યરત કોર્ટ

15/9/538 *62 **ડૉ. હર્ષદભાઇ રણછોડભાઇ પટેલ (સાબરમતી):**

**કાયદો અને ન્યાયતંત્ર :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કાયદો અને ન્યાયતંત્ર) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ રાજ્યમાં માદક દ્રવ્યો તથા નશાકારક સંબંધી ગુનાઓને અટકાવવા તથા આ પ્રકારના કેસોનો ત્વરીત નિકાલ માટે એન.ડી.પી.એસ.એક્ટ, ૧૯૮૫ હેઠળ ખાસ અલાયદી કોર્ટો કાર્યરત કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રાજ્યમાં કયા જિલ્લાઓમાં અને ક્યારે આ ખાસ કોર્ટો કાર્યરત કરવામાં આવેલ છે?

----

## સુરત જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મંજૂરી

15/9/527 *63 **શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવીન મકાન બાંધકામ મંજૂર કરવામાં આવ્યા?

----

## ભાવનગર જિલ્લામાં માર્ગ સલામતીને લગતા જનજાગૃતિ કાર્યક્રમ

15/9/1107 *64 **શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા (પાલીતાણા):**

**વાહન વ્યવહાર :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે:-

(૧) માર્ગ સલામતી માસ - જાન્યુઆરી ૨૦૨૬માં માર્ગ સલામતી અંગે COT અને GRSA કચેરીઓ દ્વારા કયા વિશેષ જનજાગૃત્તિ કાર્યક્રમ કરવામાં આવેલ છે, અને

(૨) માર્ગ સલામતી માસ - જાન્યુઆરી ૨૦૨૬માં આર.ટી.ઓ. કચેરી, ભાવનગર દ્વારા માર્ગ સલામતીને લગતા કેટલા કાર્યક્રમો કર્યા?

----

## નવસારી જિલ્લામાં " તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ

15/9/1023 *65 **શ્રીમતી ભાનુબેન મનોહરભાઇ બાબરીયા (રાજકોટ ગ્રામ્ય):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૦/૦૬/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલા તેરા તુજકો અર્પણ કાર્યક્રમોનું આયોજન થયેલ છે, અને

(૨) જો હા, તે અંતર્ગત કેટલી રકમનો મુદ્દામાલ નાગરિકોને પરત કરવામાં આવેલ છે?

----

## જી.જી.હોસ્પિટલ, જામનગર ખાતે ઉપલબ્ધ સારવાર

15/9/1193 *66 **શ્રી દિવ્યેશભાઇ રણછોડભાઇ અકબરી (જામનગર (દક્ષિણ)):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય તબીબી શિક્ષણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ જી.જી.હોસ્પિટલ, જામનગર ખાતે કઈ કઈ સારવાર ઉપલબ્ધ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જી.જી.હોસ્પિટલ, જામનગર ખાતે કેટલા દર્દીઓ નોંધાયા?

----

## દાહોદ જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મંજૂરી

15/9/531 *67 **શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ (દેવગઢબારીઆ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવીન મકાન બાંધકામ મંજૂર કરવામાં આવ્યા?

----

## અમદાવાદ જિલ્લામાં ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા વ્યાજ સહાય

15/9/575 *68 **શ્રી હાર્દિક ભરતભાઇ પટેલ (વિરમગામ):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત ટેક્સટાઈલ વેલ્યુ ચેઈનમાં ચોક્કસ ક્ષેત્રોને મજબૂત બનાવવા માટે વ્યાજ સહાય યોજના-૨૦૧૯ હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલી કલેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી સહાયની ચૂકવણી કરવામાં આવી?

----

## વેરાવળ ચોપાટીના નવીનીકરણ અને બ્યુટીફિકેશન માટે ગ્રાન્ટ

15/9/828 *69 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**પ્રવાસન અને યાત્રાધામ વિકાસ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ વેરાવળ ચોપાટીના નવીનીકરણ અને બ્યુટીફિકેશન માટે છેલ્લે ક્યારે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ,

(૨) તે પૈકી કેટલી રકમનો કયા હેતુસર ખર્ચ કરવામાં આવેલ અને કેટલી રકમ પડતર રહેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ ગ્રાન્ટ ફાળવવામાં ન આવી હોય તો તેના કારણો શાં છે?

----

## કચ્છ જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની મંજૂરી

15/9/535 *70 **શ્રી અનિરૂધ્ધ ભાઇલાલ દવે (માંડવી):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવીન મકાન બાંધકામ મંજૂર કરવામાં આવ્યા?

----

## અરવલ્લી જિલ્લામાં ડેન્ગ્યુના કેસ

15/9/515 *71 **શ્રી ભીખુસિંહજી ચતુરસિંહજી પરમાર (મોડાસા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૦/૦૬/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ડેન્ગ્યુના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી ડેન્ગ્યુથી કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) ડેન્ગ્યુ અટકાવવા માટે શા પગલાં ભરવામાં આવ્યા?

----

## રત્ન કલાકારો અને એકમોને સહાય પેકેજ

15/9/399 *72 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) હિરા ઉદ્યોગ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિષમ પરિસ્થિતિના કારણે અસરગ્રસ્ત રત્ન કલાકારો અને એકમો માટે સહાય પેકેજ જાહેર કરવામાં આવેલ તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ જૂનાગઢ અને સુરતમાં ઉક્ત પેકેજ હેઠળ સહાય મેળવવા માટે વર્ષ-૨૦૨૫-૨૬ દરમ્યાન કુલ કેટલા એકમો તેમજ કલાકારોની અરજીઓ પ્રાપ્ત થયેલ,
(૩) તે પૈકી જિલ્લાવાર કેટલા એકમો અને કલાકારોની અરજીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓમાં સહાય ચૂકવેલ છે, અને
(૪) વિસાવદર તેમજ ભેંસાણ તાલુકામાંથી કુલ કેટલી અરજીઓ મળી, તે પૈકી કેટલી મંજૂર કરી, કેટલી અનિર્ણિત છે, કેટલા કિસ્સામાં સહાય ચૂકવી?

----

## આણંદ અને ખેડા જિલ્લામાં VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા

15/9/913 *73 **શ્રી વિપુલકુમાર વિનુભાઇ પટેલ (સોજિત્રા):**

ગૃહ :-

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત આણંદ અને ખેડા જિલ્લા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓ ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## આંતરરાજ્ય સરહદો પર પ્રવેશ- નિર્ગમન સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવવા

15/9/1011 *74 **શ્રી જયંતિભાઇ સોમાભાઇ પટેલ (માણસા):**

ગૃહ :-

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા આંતરરાજ્ય સરહદોના પ્રવેશ- નિર્ગમન સ્થળો ખાતે સીસીટીવી લગાવવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આંતરરાજ્ય સરહદોના પ્રવેશ- નિર્ગમન સ્થળો ખાતે કેટલા સીસીટીવી લગાવવામાં આવેલ છે?

----

## બોટાદમાં સ્પોટ્ર્સ કોમ્પલેક્ષ

15/9/192 *75 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ):**

**રમતગમત, યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (રમતગમત અને યુવક સેવા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા ૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ બોટાદમાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવાની કામગીરી હાલ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં ક્યા પ્રકારની સુવિધાઓ વિકસાવવામાં આવનાર છે,

(૩) તે માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવનાર છે, અને

(૪) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

----

## સાબરકાંઠા જિલ્લામાં વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના

15/9/592 *76 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં અનુસુચિત જનજાતિના કુટુંબો માટે વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના કુટુંબોને શો લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં આ યોજના અંતર્ગત વર્ષ મુજબ કેટલી સહાય આપવામાં આવેલ છે?

----

## અમદાવાદ જિલ્લામાં આત્મનિર્ભર યોજના અંતર્ગત મોટા ઉદ્યોગોની અરજીઓ

15/9/939 *77 **શ્રી અમુલ બળવંતરાય ભટ્ટ (મણીનગર):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં આત્મનિર્ભર યોજના અંતર્ગત મોટા કદના કેટલા ઉદ્યોગોની અરજી મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) આ એકમો થકી કેટલું મૂડીરોકાણ ઉભુ થનાર છે?

----

## સુરત (ગ્રામ્ય) અને તાપી જિલ્લામાં VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા.

15/9/907 *78 **શ્રી મનુભાઇ એમ. પટેલ (ઉધના):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત સુરત (ગ્રામ્ય) અને તાપી જિલ્લા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓ ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## મોરબી જિલ્લામાં આત્મનિર્ભર યોજના અંતર્ગત મોટા ઉદ્યોગોની અરજીઓ

15/9/938 *79 **શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી (જીતુ સોમાણી) (વાંકાનેર):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં આત્મનિર્ભર યોજના અંતર્ગત મોટા કદના કેટલા ઉદ્યોગોની અરજી મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) આ એકમો થકી કેટલું મૂડીરોકાણ ઉભુ થનાર છે?

----

## ભરૂચ જિલ્લામાં નેત્રંગ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નકશા-અંદાજોને વહીવટી મંજૂરી

15/9/437 *80 **શ્રી રમેશભાઇ નારણદાસ મિસ્ત્રી (ભરૂચ):**

**કાયદો અને ન્યાયતંત્ર :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કાયદો અને ન્યાયતંત્ર) જણાવવા કૃપા કરશે કે:-

(૧) વર્ષ ૨૦૨૬-૨૭માં નેત્રંગ, જિ. ભરૂચ ખાતે કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટેના નકશા-અંદાજોને વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે?

----

## નવરાત્રી મહોત્સવના ઉદ્દઘાટનના કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર

15/9/118 *81 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**રમતગમત, યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ અમદાવાદ ખાતે નવરાત્રી મહોત્સવ-૨૦૨૫ના ઉદ્દઘાટન પ્રસંગે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ખેડબ્રહ્મા તાલુકાની કઈ સ્કુલોના કેટલા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને બોલાવવામાં આવેલ,

અને

(૨) ઉક્ત વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને કુલ કેટલી રકમનો પુરસ્કાર આપવામાં આવેલ?

----

## અમદાવાદ અને સુરત જિલ્લામાં દુષ્કર્મ અને જાતીય સતામણીના કેસો

15/9/341 *82 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા છ માસમાં અમદાવાદ અને સુરત જિલ્લામાં મહિલાઓ અને બાળકીઓ વિરૂધ્ધ દુષ્કર્મ અને જાતીય સતામણીના કેટલા કેસ નોંધાયા,

(૨) તે પૈકી કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી અને કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩) બાકી રહેલ આરોપીઓની ધરપકડ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

----

## અમદાવાદ (ગ્રામ્ય) અને ગાંધીનગર જિલ્લામાં VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા

15/9/903 *83 **શ્રી કનુભાઇ કરમશીભાઇ પટેલ (સાણંદ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત અમદાવાદ(ગ્રામ્ય) અને ગાંધીનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓ ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## વડોદરા શહેર ખાતે VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા

15/9/935 *84 **શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત વડોદરા શહેર ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત શહેર ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## બનાસકાંઠા જિલ્લાના દાંતા, હડાદ અને અમીરગઢ તાલુકામાં અનુસુચિત જનજાતિના પ્રમાણપત્રો

15/9/335 *85 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા, હડાદ અને અમીરગઢ તાલુકામાં વસતા અનુસુચિત જનજાતિના લોકોને જાતિ પ્રમાણપત્રો મેળવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરીને જાતિ પ્રમાણપત્રો આપવામાં આવ્યા, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કે જાતિ પ્રમાણપત્ર આપવાના બાકી છે?

----

## વડોદરા જિલ્લામાં આત્મનિર્ભર યોજના અંતર્ગત મોટા ઉદ્યોગોની અરજીઓ

15/9/943 *86 **શ્રી કેતનભાઇ મહેન્દ્રભાઇ ઇનામદાર (સાવલી):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં આત્મનિર્ભર યોજના અંતર્ગત મોટા કદના કેટલા ઉદ્યોગોની અરજી મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) આ એકમો થકી કેટલું મૂડીરોકાણ ઉભુ થનાર છે?

----

## કચ્છ જિલ્લામાં VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા

15/9/925 *87 **શ્રી કેશુભાઇ શીવદાસ પટેલ (ભૂજ):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત કચ્છ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લા ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## સાબરકાંઠા જિલ્લામાં વિજયનગર તાલુકામાં આવેલ મહિલા વોકેશનલ સેન્ટર

15/9/442 *88 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતી વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:

(૧) તા. ૩૧/૭/૨૦૨૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં મહિલા વોકેશનલ સેન્ટરનું મકાન ક્યારે, કેટલા ખર્ચે બનાવવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિલા વોકેશનલ સેન્ટર શરૂ કર્યા બાદ કેટલી મહિલાઓને ટ્રેનિંગ આપવામાં આવી,

(૩) મહિલા વોકેશનલ સેન્ટરનું મંજુર મહેકમ કેટલું છે, અને

(૪) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે?

----

## સુરત જિલ્લામાં આત્મનિર્ભર યોજના અંતર્ગત મોટા ઉદ્યોગોની અરજી

15/9/940 *89 **શ્રી વિનોદભાઇ અમરશીભાઇ મોરડીયા (કતારગામ):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આત્મનિર્ભર યોજના અંતર્ગત મોટા કદના કેટલા કેટલા ઉદ્યોગોની અરજી મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) આ એકમો થકી કેટલું મૂડીરોકાણ ઉભુ થનાર છે?

----

## સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે પાઈલ્સની સર્જરી માટે મશીન

15/9/1226 *90 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે પાઈલ્સની સર્જરી માટે મશીનની ખરીદી ક્યારે, કેટલા ખર્ચે કરવામાં આવેલ,

(૨) સદર મશીન દ્વારા છેલ્લા બે વર્ષમાં કેટલી સર્જરી કરવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત મશીન કાર્યરત છે કે કેમ, અને

(૪) જો ના, તો તેના કારણો શાં છે?

----

## અમદાવાદ અને સુરત શહેરમાં પકડાયેલા નશીલા પદાર્થો

15/9/793 *91 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**ગૃહ :-**
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ અમદાવાદ શહેર - સુરત શહેરમાં છેલ્લા છ માસમાં પોલીસ સ્ટેશનવાર કેટલો દેશી દારૂ, વિદેશી દારૂ, બીયર, ગાંજો, અફીણ, ડ્રગ્સ અને નશાકારક દ્રવ્યો પકડાયા,

(૨) ઉક્ત સ્થિતિએ તેની કિંમત કેટલી હતી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત નશાકારક દ્રવ્યો અને દારૂ - ડ્રગ્સને નાથવા સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે?

----

## વડોદરા અને સુરત શહેરમાં ખાદ્ય પદાર્થોના નમુના

15/9/1209 *92 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા છ માસમાં વડોદરા અને સુરત શહેરમાં ખાદ્ય પદાર્થોના કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા નમૂનાઓ પ્રમાણિત થયા અને કેટલા અપ્રમાણિત થયા, અને

(૩) અપ્રમાણિત થયેલ નમૂનાઓના કિસ્સામાં જવાબદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી?

----

## છોટાઉદેપુર તાલુકાનાં બરોજ ગામે જી.આઇ.ડી.સી. બનાવવા બાબત

15/9/223 *93 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર તાલુકાનાં બરોજ ગામે જી.આઇ.ડી.સી. બનાવવા માટેની માંગણી મળી છે કે કેમ, અને
(૨) જો હા, તો ઉકત સ્થિતિએ તે અંતર્ગત શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?

----

## મહેસાણા અને પાટણ જિલ્લામાં VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા

15/9/915 *94 **ડૉ. સી.જે. ચાવડા (વિજાપુર):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત મહેસાણા અને પાટણ જિલ્લા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓ ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## તાપી જિલ્લામાં કેપિટલ સબસિડી ટુ લાર્જ અને થ્રસ્ટ સેકટરને સહાય યોજના અંતર્ગત ઉદ્યોગોનું રજીસ્ટ્રેશન

15/9/941 *95 **શ્રી સંદીપ દેસાઈ (ચોર્યાસી):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ કેપિટલ સબસિડી ટુ લાર્જ અને થ્રસ્ટ સેકટર

યોજના અંતર્ગત તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા મોટા કદના ઉદ્યોગોની અરજી મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) આ એકમ થકી કેટલું મૂડીરોકાણ ઉભુ થનાર છે?

----

## રાજ્યમાં ચાંદીપુરા વાયરસ

15/9/791 *96 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૧૦/૦૮/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કારણે કેટલા બાળકો ઈન્ફેક્ટેડ થયા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા બાળકોના મૃત્યુ થયા છે, અને

(૩) ઉક્ત વાયરસની સારવાર માટે બાળકોને કયા પ્રકારની દવા કે રસી આપવામાં આવ્યા છે?

----

## અમદાવાદની એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલનું મંજુર મહેકમ

15/9/1217 *97 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ (G.C.R.I), અમદાવાદમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત હોસ્પિટલની ગવર્નિંગ બોડી દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા કર્મચારી/અધિકારીઓને કાયમી કરેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલા અધિકારી/કર્મચારીઓને કાયમી કરવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રહેલ અધિકારી/કર્મચારીઓને ક્યાં સુધીમાં કાયમી કરવામાં આવશે?

----

## દક્ષિણ ગુજરાતની વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ- ૨૦૨૬ અંતર્ગત ઔદ્યોગિક વસાહત

15/9/555 *98 **શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ (વલસાડ):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) દક્ષિણ ગુજરાતની વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ (VGRC) 2026માં કેટલી અને કઈ ઔદ્યોગિક વસાહત સ્થાપવાની જાહેરાત કરવામાં આવી, અને

(૨) ઉક્ત વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ- ૨૦૨૬માં જાહેરાત કરેલ નવી ઔદ્યોગિક વસાહતોની જમીનોના કબજા મેળવવામાં આવેલ છે કે કેમ?

----

## ઉત્તર ગુજરાતની વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ- ૨૦૨૬ અંતર્ગત ઔદ્યોગિક વસાહત

15/9/557 *99 **શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર (કલોલ):**

**ઉદ્યોગ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ઉત્તર ગુજરાત ખાતે વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ (VGRC) 2026માં કેટલી અને કઈ ઔદ્યોગિક વસાહત સ્થાપવાની જાહેરાત કરવામાં આવી, અને

(૨) ઉક્ત વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ- ૨૦૨૬માં જાહેરાત કરેલ નવી ઔદ્યોગિક વસાહતોની જમીનોના કબજા મેળવવામાં આવેલ છે કે કેમ?

----

## કાંકરેજ અને ઓગડ તાલુકામાં મેડીકલ સ્ટોર્સની તપાસ

15/9/329 *100 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ અને ઓગડ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મેડીકલ સ્ટોર્સ ફાર્માસિસ્ટ દ્વારા ચલાવવામાં આવે છે કે કેમ તે અંગે કેટલી વાર રાજ્ય સરકાર દ્વારા તપાસ કરવામાં આવી, અને

(૨) ઉક્ત તપાસમાં ફાર્માસિસ્ટ વગર મેડીકલ સ્ટોર્સ ચલાવનાર કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

----

## ગીફ્ટ સીટીમાં વાઈન એન્ડ ડાઈન ફેસિલીટી એરીયા

15/9/274 *101 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

ગૃહ :-

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર ગીફ્ટ સીટીમાં "વાઈન એન્ડ ડાઈન ફેસિલીટી એરીયા" અંતર્ગત વર્ષવાર કેટલો દારૂ વેચાયો, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ સંદર્ભમાં કેટલી સરકારને આવક થઈ?

----

## વાવ-થરાદ જિલ્લામાં "તેરા તુજકો અર્પણ "કાર્યક્રમ

15/9/1020 *102 **શ્રી કાળુભાઇ રૂપાભાઇ ડાભી (ધંધુકા):**

ગૃહ :-

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૦/૦૬/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાવ-થરાદ જિલ્લામાં કેટલા તેરા તુજકો અર્પણ કાર્યક્રમોનું આયોજન થયેલ છે, અને

(૨) જો હા, તે અંતર્ગત કેટલી રકમનો મુદ્દામાલ નાગરિકોને પરત કરવામાં આવેલ છે?

----

## ગીર સોમનાથ અને મહીસાગર જિલ્લા ખાતે VISWAS Project Phase-II અંતર્ગત સીસીટીવી કેમેરા

15/9/930 *103 **શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા):**

ગૃહ :-

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ VISWAS Project Phase-II અંતર્ગત ગીર સોમનાથ અને મહીસાગર જિલ્લા ખાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા સીસીટીવી કેમેરાનો વ્યાપ વધારવા અંગે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓ ખાતે કેટલા સીસીટીવી કેમેરાઓ લગાવવામાં આવેલ છે?

----

## નવસારી જિલ્લામાં પ્રવાસન સ્થળના વિકાસ બાબત

15/9/610 *104 **શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી ):**

**પ્રવાસન અને યાત્રાધામ વિકાસ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પ્રવાસન) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં ક્યા સ્થળને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા શી કામગીરી હાથ ધરેલ છે, અને

(૨) આ કામગીરી માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે?

----

## અમદાવાદ જિલ્લામાં માર્ગ સલામતીને લગતા જનજાગૃતિ કાર્યક્રમ

15/9/1111 *105 **ડૉ. હર્ષદભાઇ રણછોડભાઇ પટેલ (સાબરમતી):**

**વાહન વ્યવહાર :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે:-

(૧) માર્ગ સલામતી માસ - જાન્યુઆરી-૨૦૨૬માં માર્ગ સલામતી અંગે COT અને GRSA કચેરીઓ દ્વારા ક્યા વિશેષ જનજાગૃતિ કાર્યક્રમ કરવામાં આવેલ છે, અને

(૨) માર્ગ સલામતી માસ - જાન્યુઆરી-૨૦૨૬માં આર.ટી.ઓ. કચેરી, અમદાવાદ (સુભાષબ્રીજ) દ્વારા માર્ગ સલામતીને લગતા કેટલા કાર્યક્રમો કર્યા?

----

## વેરાવળ સિવિલ હોસ્પિટલમાં ઉપલબ્ધ વેન્ટિલેટર

15/9/827 *106 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ વેરાવળ સિવિલ હોસ્પિટલમાં કેટલા વેન્ટીલેટર ઉપલબ્ધ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા વેન્ટીલેટર કાર્યરત છે અને કેટલા વેન્ટીલેટર કેટલા સમયથી બંધ હાલતમાં છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ વેરાવળ સિવિલ હોસ્પિટલમાં જરૂરિયાતના પ્રમાણમાં ખૂટતા વેન્ટીલેટર ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે?

----

## ડાંગ જિલ્લામાં “તેરા તુજકો અર્પણ” કાર્યક્રમ

15/9/1014 *107 **શ્રી ભીખુસિંહજી ચતુરસિંહજી પરમાર (મોડાસા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૦/૦૬/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં કેટલા તેરા તુજકો અર્પણ કાર્યક્રમોનું આયોજન થયેલ છે, અને

(૨) જો હા, તે અંતર્ગત કેટલી રકમનો મુદ્દામાલ નાગરિકોને પરત કરવામાં આવેલ છે?

----

## ઓન પેમેન્ટ પોલીસ બંદોબસ્ત નીતિ

15/9/402 *108 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતીએ રાજ્યમાં ઓન પેમેન્ટ પોલીસ બંદોબસ્ત ફાળવવાની નીતિ અમલમાં છે તે હકીકત સાચી છે કે કેમ,
(૨) જો હા, તો ઓન પેમેન્ટ બંદોબસ્ત ફાળવવાની ગાઈડલાઈન શી છે અને આવા બંદોબસ્ત માટે સંવર્ગવાર કેટલી રકમ વસૂલવામાં આવે છે, અને
(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ તેમજ સુરેન્દ્રનગર જિલ્લામાંથી ઓન પેમેન્ટ બંદોબસ્ત પેટે કેટલી રકમ વસૂલવામાં આવી અને કેટલી બાકી છે?

----

## બોટાદ જિલ્લાના ઉગામેડી અને હડદડ ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

15/9/187 *109 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ બોટાદ જિલ્લાના ઉગામેડી અને હડદડ ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને
(૨) ઉકત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## ચાંદીપુરા વાયરસથી બાળકોના મોત

15/9/119 *110 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી કેટલા બાળ દર્દીઓના મોત નોંધાયા, અને

(૩) કેટલા બાળ દર્દીઓ સાજા થયા?

----

## રાજ્યમાં એ.સી.બી. દ્વારા કરવામાં આવતી રેડ

15/9/342 *111 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા છ માસમાં એ.સી.બી. દ્વારા રાજ્યમાં કેટલી રેડ કરવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી અને કુલ કેટલી રકમ પકડાઈ?

----

## સરકારી મેડીકલ કોલેજ, વડોદરાનું મંજૂર મહેકમ

15/9/1161 *112 **શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય તબીબી શિક્ષણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ સરકારી મેડિકલ કોલેજ, વડોદરાનું સંવર્ગવાર વર્ગ-૧ અને વર્ગ-૨નું કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## બનાસકાંઠા અને તાપી જિલ્લામાં સીકલસેલ એનિમિયા રોગના કેસ અને થયેલ મૃત્યુ

15/9/832 *113 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી (દાંતા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા અને તાપી જિલ્લામાં તાલુકાવાર સીકલસેલ એનિમિયાના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ઉંમર વર્ષ ૦-૨, ૨-૧૦, ૧૦-૧૮, ૧૮-૨૫, ૨૫-૪૦, ૪૦થી વધુ અને ઉંમર ઉપલબ્ધ ન હોય તેવા વયજુથવાર કેટલા કેસો નોંધાયા,

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ઉક્ત વયજુથવાર કેટલા દર્દીઓના મોત નોંધાયા, અને

(૪) કેટલા દર્દીઓ સાજા થયા?

----

## કોમનવેલ્થ ગેમ્સ - ૨૦૩૦

15/9/794 *114 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**રમતગમત, યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (રમતગમત અને યુવક સેવા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ ગુજરાતને કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ની મેજબાની મળી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં તે સંદર્ભે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ના અનુસંધાને છેલ્લા એક વર્ષમાં કેટલી રકમની કયા હેતુ માટે ફાળવણી કરવામાં આવી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવા બાબત

15/9/590 *115 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૦૩/૨૦૨૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની કુંવરબાઈ મામેરું યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ શાં લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે?

----

## રાજ્યમાં ચાંદીપુરા વાયરસ

15/9/1223 *116 **ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કારણે કેટલા બાળકો ઈન્ફેક્ટેડ થયા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા બાળકોના મૃત્યુ થયા છે, અને

(૩) ઉક્ત વાયરસની સારવાર માટે બાળકોને કયા પ્રકારની દવા કે રસી આપવામાં આવ્યા છે?

----

## બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદનું મંજૂર મહેકમ

15/9/1172 *117 **ડૉ. હર્ષદભાઇ રણછોડભાઇ પટેલ (સાબરમતી):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય તબીબી શિક્ષણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર વર્ગ-૧ અને વર્ગ-૨નું કુલ કેટલુ મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## વેરાવળ સિવિલ હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબોની અછત

15/9/826 *118 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**
માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ જરૂરી સાધનો તથા નિષ્ણાત તબીબોની અછતના કારણે વેરાવળ સિવિલ હોસ્પિટલમાં આવતા ગંભીર તથા જીવનરક્ષક

સારવારની જરૂરિયાત ધરાવતા દર્દીઓને રાજકોટ, અમદાવાદ અથવા અન્ય શહેરોની હોસ્પિટલમાં રિફર કરવામાં આવતા હોવાની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેના કારણો શાં છે?

----

## પાટીદાર અનામત આંદોલન દરમિયાન થયેલ હિંસા અન્વયે રચાયેલ તપાસપંચ

15/9/468 *119 **શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઇટાલીયા (વિસાવદર):**

**ગૃહ :-**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ પાટીદાર અનામત આંદોલન દરમિયાન પાટીદાર સમાજના યુવાનો અને મહિલાઓ ઉપર પોલીસ દ્વારા અત્યાચારની ઘટનાઓની તપાસ કરવા રચાયેલ જસ્ટીસ કે.એ.પૂંજ કમિશન દ્વારા સરકાર સમક્ષ અહેવાલ સબમીટ કરવામાં આવેલ તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત અહેવાલ સરકારને ક્યારે મળેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત અહેવાલ સંદર્ભે છેલ્લા બે વર્ષમાં સરકારે શાં પગલાં લીધા?

----

## બોટાદ જિલ્લામાં કુટીર ઉદ્યોગોના વિકાસ માટે નાણાંકીય સહાય તથા તાલીમ

15/9/198 *120 **શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ):**

**ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ :-**

માનનીય ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

તા ૩૧/૦૭/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બોટાદ જિલ્લામાં કુટીર ઉદ્યોગોના વિકાસ માટે સરકાર દ્વારા કેટલા લાભાર્થીઓને કેટલી નાણાંકીય સહાય તથા તાલીમ આપવામાં આવી છે?

----

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં સીકલસેલ એનિમિયા રોગના કેસ અને થયેલ મૃત્યુ

15/9/830 *121 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ :-**

માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર સીકલસેલ એનિમિયાના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ઉંમર વર્ષ ૦-૨, ૨-૧૦, ૧૦-૧૮, ૧૮-૨૫, ૨૫-૪૦, ૪૦થી વધુ અને ઉંમર ઉપલબ્ધ ન હોય તેવા વયજુથવાર કેટલા કેસો નોંધાયા,

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ઉક્ત વયજુથવાર કેટલા દર્દીઓના મોત નોંધાયા, અને

(૪) કેટલા દર્દીઓ સાજા થયા?

----

## રાજ્યમાં પેપરલીકના આરોપીઓની ધરપકડ બાબત

15/9/343 *122 **શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા):**

ગૃહ :-
માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૦૭/૨૦૨૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં સરકાર/ સરકારી એજન્સીઓ દ્વારા લેવામાં આવતી ભરતી પરીક્ષામાં પેપરલીકના કિસ્સાઓમાં કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી,

(૨) કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩) બાકી રહેલ આરોપીઓની ધરપકડ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

----